# ‘ગુજરાતી નવલિકાચયન ૨૦૦૬’: ગમતાનો કરીએ ગુલાલ

## ગુણવંત વ્યાસ

[**ગુજરાતી નવલિકાચયન–૨૦૦૬** : સં. હસમુખ કે. રાવલ, ગુ.સા.પ., પ્રથમ, નવે. ’૦૮, પૃ. ૧૪+૧૪૪, કિં. રૂ. ૮૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ‘ધૂમકેતુ નવલિકા શ્રેણી’ અંતર્ગત દર વર્ષે વિવિધ સામયિકોમાં પ્રકાશિત ટૂંકી વાર્તાઓમાંથી ઉત્તમ એવી પંદર-સત્તર વાર્તાઓનું ચયન કરી પુસ્તક રૂપે પ્રકાશિત કરવાની યોજના ૧૯૯૪-૯૫થી અમલમાં આવી છે. વર્ષ ૨૦૦૬નું વાર્તાચયન કવિ અને વાર્તાકાર હસમુખ કે. રાવલ દ્વારા થયું છે. તેમણે આ સંપાદનમાં સત્તર વાર્તાઓ સંપાદિત કરીને મૂકી છે. સાથે સાથે પ્રારંભે ‘રીસ, ચીસ, ચિંતા, ઉદ્વેગ, નિર્વેદ ને સંવાદની દુનિયા’ શીર્ષકથી દસેક પાનાંમાં ‘વાર્તા’ વિશે, વાર્તાકાર વિશે, વાર્તાના વિવેચન વિશે ને પસંદગીની ‘ઉત્તમ’ સત્તર વાર્તાઓ વિશે નિજ મતિ-ગતિથી વાત કરી છે. એમાં વિવેચકીય દૃષ્ટિકોણ તો છે જ, વિશેષે એક ભાવક તરીકે તેઓ વાર્તાને વધુ સ્પર્શ્યા છે. વાચકને વાર્તાના રસબિંદુ આગળ મૂકી આપી, સ્વૈરવિહાર માટે ખુલ્લું મેદાન પૂરું પાડ્યું છે. વિવેચકીય પરિભાષાથી વાર્તાને ને વાચકને ગૂંગળાવી ન મૂકવાની એમની આ નિજ રીતિ સ્પર્શે છે જરૂર, પરંતુ એ માટે સામે વાર્તા હોવી અનિવાર્ય છે. વાર્તાનો ‘રસ’સ્વાદ ચખાડ્યા પછી, વાર્તાનો આસ્વાદ કરાવવાની જરૂર રહેતી નથી. વાર્તા સામે હોય એટલે વાચક રસબિંદુના એ પ્રવેશદ્વારથી સીધો જ વાર્તામાં પ્રવેશ કરી શકે. પરંતુ વાર્તા સામે ન હોય ત્યાર ‘પાના – દોઢ પાનામાં વાર્તાસંગ્રહોનાં અવલોકનો’ વિશેની સંપાદકની ફરિયાદ વાંઝણી પુરવાર થઈ શકે. વાર્તાની ગેરહાજરીમાં આવાં અવલોકનો જ ઘણી વાર વાચકને વાર્તા સુધી ખેંચી જતાં હોય છે. હા, સામયિકોમાં ને દૈનિકોમાં એકાદ ટૂંકી વાર્તાનો વિગતે આસ્વાદ થતો રહે એવી એમની અપેક્ષા જરૂરથી આવકાર્ય લેખાવી જોઈએ.

સંપાદકે, ‘વાર્તામાં પ્રવેશવાની જિજ્ઞાસા જાગે તેવા એક-બે લિસોટા’ તો સંપાદિત સત્તર વાર્તાઓ વિશે કર્યા જ છે; પરંતુ એ પહેલાં સર્જકની પૂર્વભૂમિકા વિશે રાઈનર મારિયા રિલ્કેનો સુરેશ જોષી અનૂદિત એક પરિચ્છેદ પણ મૂક્યો છે, ને પછી વર્ષ ૨૦૦૬ની પસંદ વાર્તાઓ વિશે પોતાનો અભિપ્રાય પણ ટૂંકમાં ટાંક્યો છે : ‘આ વરસનો ફાલ બહારની દુનિયા કરતાં ભીતરની દુનિયામાં ડોકિયું વધારે કરે છે. રીસ, ચીસ, ઉદ્વેગ, નિર્વેદની દુનિયામાં સંવાદનો રણકો સંભળાયો. ટાગોર કહેત : પૂર્વનો રણકો. મને લાગે : નિત્ય સંઘર્ષ પછીનો એક સહજ વિકલ્પ.’

હવે સંપાદિત વાર્તાઓ વિશે : ‘ઊથલો’ (અજિત ઠાકોર), ‘કમળપૂજા’ (હિમાંશી શેલત), ‘ગાડી’ (સુરેશ ઓઝા), ‘ઝાલી ન ઝલાતી છોકરી’ (હરીશ નાગ્રેચા), ‘નથી’ (રવીન્દ્ર પારેખ), ‘નૌકાવિહાર’ (અશ્વિની બાપટ), ‘બારી’ (દક્ષા પટેલ), ‘ભજન નિર્ગુણી’ (પ્રવીણસિંહ ચાવડા), ‘મમ સત્યમ્’ (વિજય સોની), ‘મિસ્ટર ભગવાન’ (દીવાન ઠાકોર), ‘લવરી’ (સુમન શાહ), ‘વાડ’ (કલ્પેશ પટેલ), ‘વાસવિલાસ’ (પરેશ નાયક), ‘વૂડલૅન્ડ હૉટલમાં ખૂન’ (બાબુ સુથાર), ‘સમથળ’ (મોહન પરમાર), ‘સ્વામી ચંદ્રકાન્ત’ (વિજય શાસ્ત્રી) અને ‘હરિભાભાની એક દિવસની જિંદગી’ (નવનીત જાની)ની પસંદગી ‘ખેવના’ (-માંથી છ), ‘નવનીત સમર્પણ’ (-માંથી પાંચ), ‘ગદ્યપર્વ’ (-માંથી ત્રણ), ‘પરબ’ (-માંથી બે) અને ‘શબ્દસૃષ્ટિ’ (-માંથી એક)માંથી થયેલ છે.

સામાન્ય રીતે જે-તે વર્ષના વાર્તાસંપાદનમાં સંપાદક દ્વારા વર્ષ દરમિયાન જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ વાર્તાઓ (તેનાં સામયિક અને માસના ઉલ્લેખ સહિત)ની સૂચિ પરિશિષ્ટમાં પૂરક સામગ્રી રૂપે અપાવી જોઈએ, જે અહીં નથી. લેખકે જોયેલાં સામયિકોની યાદી કે ઉલ્લેખ પણ ક્યાંય નથી. હા, કોઈ વાર્તાકારની એકથી વધુ વાર્તા ગમી હોવા છતાં, એક સર્જકની એક જ વાર્તાની ‘કઠણ શિસ્ત’ પાળવાની હોઈ, તેનો વસવસો (મુખ્યત્વે રવીન્દ્ર પારેખ સંદર્ભે) વ્યક્ત થયો છે.

સંપાદકે વાર્તાઓને અકારાદિ ક્રમે ગોઠવી છે. ચાર પાનાંની ‘વૂડલૅન્ડ હૉટલમાં ખૂન’, પાંચ પાનાંની ‘નથી’ અને ‘બારી’ સામે નવ પાનાંની ‘સમથળ’, દસ પાનાંની ‘ગાડી’ અને ચૌદ પાનાંની ‘હરિભાભા...’ જેવી પ્રમાણમાં લાંબી કહી શકાય તેવી ટૂંકીવાર્તા પણ સમાવિષ્ટ થઈ છે. હિમાંશી શેલત અને દક્ષા પટેલ જેવી સ્ત્રી-લેખિકાઓની વાર્તાઓ સહેજ પણ આકરા થયા વિના કે આક્રોશ ઠાલવ્યા વિના સ્ત્રીને પક્ષે એક કૂણું સંવેદન જન્માવી, સ્ત્રીને નીરખવાની નવી બારી ખોલી આપે છે. સંપાદનમાં દલિત સંવેદનને સ્થાન મળ્યું નથી. હા, ‘વાડ’નો તળપદ જરૂરથી સ્પર્શે છે; તો ‘હરિભાભા...’ના તળ સંસ્કાર વર્ષો પછી ‘મિનપિયાસી’ના વૃદ્ધની સંસ્કારિતા ને વ્યથાનું સ્મરણ જગવી જાય છે. આધુનિક સંસ્પર્શે મહોરી ઊઠેલી ‘વાસવિલાસ’નું નાદસૌન્દર્ય, ‘લવરી’માં બબડાટની અર્થસભરતા અને ‘વૂડલૅન્ડ હૉટલમાં ખૂન’ના અન્યુઝુઅલની રહસ્યમયતા કદાચ, હવે પછીની ટૂંકીવાર્તાની દિશા ચીંધે છે !

સંપાદનનું સૌથી વિશેષ સ્પર્શતું પાસું કેટલાંક પાત્રોનું તાટસ્થ્યપૂર્ણ સંવાદિત સમતોલ જીવન છે. પરિસ્થિતિને સ્વીકારી, દેશ તેવા વેશ મુજબ જીવતાં આ પાત્રોમાં ‘બારી’ની રેખા, ‘ભજનનિર્ગુણી’ની ધનપતિ, ‘મમ સત્યમ’ની ટીનુ અને કંઈક અંશે ‘સમથળ’ની નાયિકા મુખ્ય છે. નોટ કિયા જાય : આ બધાં નારીપાત્રો છે ! થોડું બૅલેન્સ કરવા તમે તેમાં ‘મિસ્ટર ભગવાન’નો ભગવાન અને ‘નથી’ના નાયકને ઉમેરી શકો. આમ છતાં એ રેખા, ધનપતિ અને ટીનુની ઊંચાઈને તો આંબી જ શકતાં નથી ! જોકે, સંવાદસભર જીવન જીવતાં આ પાત્રો સ્પર્શતાં હોવા છતાં કાયમી મનવાસ માટે તો સંવેદનસભર પથ પર આવન-જાવન કરતા હરિભાભા જ અધિકાર જમાવે છે. ‘ઊથલો’, ‘ઝાલી ન ઝલાતી છોકરી’ અને ‘સ્વામી ચંદ્રકાન્ત’માં દામ્પત્યજીવનની બીજી બાજુ વાર્તા રૂપે અવતરી છે. ‘નૌકાવિહાર’નું ભાવસંવેદન વાર્તાની અંગત મૂડી છે. ‘ગાડી’ વાસ્તવનો ચિતાર બની રહે છે.

સંપાદનમાં જાણીતા ઓછા અને ઓછા જાણીતા વધુ એવા વાર્તાકારો પસંદ થયા હોય તેવું નથી બન્યું. જાણીતા અહીં વધુ છે. સત્તરમાંથી નવેક નામ તો વાર્તાક્ષેત્રે વિશ્વસનીય એવાં સ્થિર નામ છે. પાંચેક, વાર્તારસિકોની યાદીમાં જીવતાં આશાસ્પદ એવાં નામ છે. બેએક અલ્પપરિચિત, અપરિચિત કે નવાં ગણી શકાય. આ વાર્તાઓ અને વાર્તાકારો ગુજરાતી ટૂંકી વાર્તાના ઊજળા ભાવિ વિશે ચોક્કસ આશા જન્માવે છે. સંપાદકનો પરિશ્રમ પોતીકી સૂઝથી સાર્થક થયો પણ લાગે; છતાં ૨૦૦૬ની ઉત્તમ વાર્તાઓ વિશેનો આખરી અભિપ્રાય એ વર્ષની પ્રગટ વાર્તાઓની યાદી જોતાં, ને એમાંથી પસાર થતાં જ આવી શકે ! ...ને આમેય ખરો નિર્ણાયક તો કાળ જ કહી શકાય ને ?!!